# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-07-2024 સવાર : 9.00 થી 9.10

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

******************************************

- આજે કારગિલ વિજય દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કારગિલ યુદ્ધ સ્મારક પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે
- સીબીઆઈએ **NEET-UG** 2024ની તપાસ વિશેના ભ્રામક અહેવાલોની ટીકા કરી
- ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- પેરિસમાં આજે ઓલિમ્પિકનો ઉદઘાટન સમારોહ, પી.વી. સિંધુ અને શરથ કમલ કરશે ભારતનું પ્રતિનિધિત્વ
- અને આજે મહિલા એશિયાકપ ટી20ના સેમિફાઇનલમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો .

******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# KARGIL VIJAY DIWAS

આજે કારગિલ વિજય દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મુખ્ય અતિથિ તરીકે કારગિલ યુદ્ધ સ્મારક ખાતે 1999ના શહીદોના માનમાં આયોજીત સમારોહમાં ઉપસ્થિત રહેશે. દરમિયાન તેઓ શિનકુલ લા ટનલના કામનો પ્રારંભ કરાવશે. 4.1 કિલોમીટર લાંબી આ ટ્યૂબ ટનલ લેહમાં પ્રતિકૂળ હવામાન દરમિયાન વાહનવ્યહાર માટે નિમૂ-પદુમ-દારચા રોડ પર અંદાજે 15 હજાર, 500 ફૂટની ઉંચાઈ પર બનાવવામાં આવશે. બાંધકામ પૂર્ણ થયા બાદતે વિશ્વની સૌથી ઉંચાઈએ આવેલી ટનલમાં સ્થાન પામશે.

# NADDA-KARGIL DIWAS

ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું કે કારગિલ યુદ્ધ એ રાજદ્વારી રીતે મહત્વનો સંઘર્ષ હતો, જેમાં દેશના સૈનિકોએ ગંભીર પરિસ્થિતિઓનો સામનો કર્યો અને દુશ્મન પાકિસ્તાન સામે બહાદૂરીપૂર્વક યુદ્ધ જીત્યા. નવી દિલ્હીમાં આયોજીત મશાલ રેલીને સંબોધન કરતા શ્રીનડ્ડાએ જણાવ્યું કે અનેક પડકારો છતાં ભારતીય સેનાની લશ્કરી પ્રતિભાને કારણે આ જીત હાંસલ થઈ અને કરગિલ પર તિરંગો લહેરાયો.

વધુમાં તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સેનાને સરહદો સાથે જોડનારા ડલબ લેન હાઇવે મળ્યા છે. જેને કારણે સેના દોઢ દિવસમાં અરૂણાચલથી લદ્દાખ પહોંચી શકે છે. આ પ્રસંગે શ્રી નડ્ડાએ ભારતીય સેનાપર આધારિત એક પ્રદર્શનીનું ઉદ્ઘઘાટન કર્યું તેમજ વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી..

# CBI NEET

નીટ – યુજી પેપર ગેરરીતિ મામલે માધ્યમોમાં પ્રસારિત અહેવાલોને કેન્દ્રીય તપાસ સંસ્થાએ ભ્રામક અને ખોટા ગણાવ્યા છે. સીબીઆઆઈએ આ વિશે વધુ માહિતી આપતા એક નિવેદનમાં જણાવ્યું છે કે અત્યાર સુધીમાં આ કેસમાં 33 સ્થળોએ તપાસ કરાઈ અને 36 લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં બિહાર પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા 15 આરોપીઓ સામેલ છે.

સીબીઆઈએ કહ્યું છે કે તપાસ દરમિયાન કેટલાક વાંધાજનક પુરાવા મળ્યા છે, જે વિશે વધુ તપાસ ચાલી રહી છે. સીબીઆઈએ વધુમાં જણાવ્યું છે કે, નીટ 2024 પરીક્ષા મામલે માધ્યમોમાં જે અહેવાલ પ્રસારિત કરાઈ રહ્યા છે, તે અટકળો આધારિત, ભ્રામક માહિતી અને ખોટા છે. સીબીઆઈએ આવા અહેવાલોના પ્રકાશન અને પ્રસારથી દૂર રહેવા સલાહ આપી છે.

# KERALA-NIPAHVIRUS

કેરળના આરોગ્ય મંત્રી વિના જ્યોર્જે જણાવ્યું છે કે રાજ્યમાં નિપાહ વાઇરસથી સંક્રમિત પ્રથમ દર્દીના સંપર્કમાં આવેલા 8 લોકોના ટેસ્ટ કરાયા છે, જે નેગેટિવ આવ્યા છે. જ્યારે વધુ બે દર્દીઓને મંજેરી અને કોઝિકોડ હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. આ સાથે રાજ્યમાં નિપાહ વાઇરસ સંક્રમિતોની સંખ્યા વધીને 8 થઈ છે.

ઉલ્લેખનીય છે કે ગત રવિવારે નિપાહ વાઇરસથી સંક્રમિત 14 વર્ષના કિશોરનું મોત થયું હતું. દિલ્હીથી કેરળ પહોંચેલી આરોગ્ય નિષ્ણાતોની એક ટુકડી રાજ્ય સરકાર સાથેમ ળીને 472 લોકોને તપાસ કરી રહી છે, જેઓ આ કિશોરના સંપર્કમાં આવ્યા હતા. દરમિયાન પાંડિક્કાડ અને અનાક્ક્યામ પંચયાત વિસ્તારમાં અંદાજે 27 હજાર, 900 જેટલા ઘરોમાં આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવી હતી.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 28મી જુલાઇએ આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ લોકોને વિવિધ વિષયો પર પોતાના વિચારો અથવા સૂચનો 26મી તારીખ સુધીમાં MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે સૂચન કર્યું છે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એરમોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# GUJARATRAINS WITH V/C

રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ શાંત થતાં પૂરની સ્થિતિમાંથી રાહત મળી છે.  દરમ્યાન હવામાન વિભાગે આજે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. તો દક્ષિણ ગુજરાતનાં સુરત અને નવસારી સહિતના દરિયા કાંઠાના જિલ્લાઓમાં  ભારે વરસાદ માટે ઓરેંજ અલર્ટ જાહેર કર્યું છે.

અમારા સંવાદદાંતા જણાવે છે કે ગઇકાલે વરસાદમાં રાહત થવાછતાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં અમુક સ્થળોએ પાણી ભરાયેલા છે. ભારે વરસાદને કારણે રાજ્યના 40 ડેમમાં પાણી છલકાયા છે. NDRF ની ટુકડીઓએ ગઇકાલે પૂર અસરગ્રસ્ત સુરત, પોરબંદર અને વડોદરા જિલ્લામાં બચાવ કામગીરી કરી હતી. રાજ્યની પૂર્ણા, વિશ્વામિત્રી અને દમણ ગંગા નદી ભયજનક સપાટી વટાવી ચૂકી છે..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# WEATHER

હવામાન વિભાગે કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર, કચ્છ, વિદર્ભ અને મરાઠવાડાના વિવિધ સ્થળ તેમજ મધ્યપ્રદેશમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે 27મી જુલાઈ સુધી દક્ષિણ કર્ણાટક, કર્ણાટક કાંઠાના વિવિધ સ્થળ પર અને કાલે ઉત્તરી કર્ણાટકમાં ભારે વરસાદ થઈ શકે છે. બે દિવસ દરમિયાન ઉત્તર ભારત, પૂર્વ રાજસ્થાન અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત છે.  .

# PHILIPPINES

ફિલીપિન્સમાં આવેલા વિનાશક વાવાઝોડા ગેમીને કારણે પૂર તેમજ ભૂસ્ખલનની વિવિધ ઘટનાઓમાં 22 લોકોના મોત થયા છે. ફાલિપિન્સમાં આ વર્ષે આવેલું આ ત્રીજું વાવાઝોડું છે, જેને કારણે મનિલા અને અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ, આકસ્મિક પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ સર્જાઈ છે.

ફિલિપિન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનેંડ માર્કોસ જુનિયરે અધિકારીઓને અંતરિયાળ ગામોમાં ઝડપી મદદ માટેનો આગ્રહ કર્યો છે. પૂરને પગલે અહીં ઓફિસો અને શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. ગેમી વાવાઝોડાને કરાણે તાઇવાનના નીચાણવાળા વિસ્તારોમાં પણ પૂરની સ્થિતિ સર્જાઈ છે. તાઇવનમાં ત્રણના મોત થયા છે, જ્યારે 220થી વધુ ઘવાયા છે.

# PARIS OLYMPICS

પેરિસ ઓલિમ્પિક 2024નો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. પેરસની સેઇન નદી પાસે ભારતીય સમય અનુસાર સવારે 11 વાગે ઉદ્ઘાટન સમારોહની શરૂઆત થશે. ઇતિહાસમાં પહેલીવાર છે જ્યારે ઓલિમ્પિકનો ઉદ્ઘાટન સમારોહ ખુલ્લામાં યોજાઈ રહ્યો છે. વિવિધ દેશોના ખેલાડીઓ પેરિસના જાણીતા સ્થળોએથી પસાર થતા પરેડ કરશે. અંદાજે 100 જેટલી બોટ્સમાં બેસીને 10 હજાર, 500 જેટલા એથલિટ્સઆ પરેડમાં ભાગ લેશે. ઓસ્ટ્રલિટ્ઝ બ્રિજ ખાતેથી શરૂ થનારી આ પરેડ ટ્રોકાડેરો-એફિલ ટાવર પાસે એસ્પ્લેનેડ નજીક સમાપ્ત થશે. જ્યાં અંતિમ પ્રોટોકૉલ પ્રમાણે ઓલિમ્પિકની મશાલ પ્રજ્વલિત કરાશે, અને આ સાથે જ ઓલિમ્પિક સમારોહનો સત્તાવાર પ્રારંભ થશે. ત્રણ કલાક ચાલનારા આ સમારોહ દ્વારા પેરિસ તેના ભવ્ય ઇતિહાસ અને સ્થાપત્યકળાને દુનિયા સમક્ષ પ્રદર્શિત કરવા તૈયાર છે. ફ્રાંસના જાણીતા થિએટર નિર્દેશક અને અભિનેતા થૉમસ જોલી કલાત્મકરૂપે આ કાર્યવાહીનું નિરીક્ષણ કરશે. આ પરેડમાં શરથ કમલ અને પીવી સિંધુ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જેઓ દેશના ધ્વજ વાહક છે. સિંધુ બેડમિન્ટનમાં બે વાર ઓલિમ્પિક ચંદ્રક વિજેતા છે, જ્યારે ટેબલ ટેનિસ ખેલાડી કમલ 5મી વાર ઓલમ્પિકમાં ભાગ લઈ રહ્યા છે.

દરમિયાન ભારતની ઓલિમ્પિક સફર ગઈકાલથી શરૂ થઈ છે. જેમાં પુરુષ ટીમે રેન્કિંગ રાઉન્ડમાં ત્રીજુ સ્થાન હાંસલ કર્યું છે. જ્યારે મહિલા ટીમે ચોથું સ્થાન હાંસલ કરીને ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવી લીધું છે. ક્વાર્ટર ફાઇનલમાં ભારતીય મહિલા ટીમનો મુકાબલો યજમાન ફ્રન્સ અને નેધરલેન્ડ્સ વચ્ચે રમાનારી અંતિમ 16 તબક્કાની મેચના વિજેતા સાથે થશે. બીજી તરફ ભારતીય પુરુષ ટીમ ક્વાર્ટર ફાઇનલમાં કોલંબિયા અથવા તુર્કી સાથે મુકાબલો કરશે. મિશ્ર ટીમ સ્પર્ધા 16 તબક્કામાં ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે યોજાશે. ઓલિમ્પિક ખેલ 28 તારીખથી શરૂ કરીને આગામી ચોથી ઓગસ્ટ સુધી ચાલશે.

# WOMENCRICKET ASIA CUP

**મહિલા એશિયા કપ ટી20 ક્રિકેટમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સેમિફાઇનલ મેચ રમાશે. શ્રીલંકાના દામ્બુલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે બે વાગે શરૂ થશે. ગૃપ એમાં ભારત ટોચ પર છે, જ્યારે બાંગ્લાદેશ ગૃપ બીમાં બીજા ક્રમાંકે છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ એશિયા કપમાં તેની સતત ચોથી જીત માટે મેદાનમાં ઉતરશે.**

# HARRIS-NETANYAHU

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ અમેરિકા પ્રવાસ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે મુલાકાત કરી હતી. શ્રી હેરિસે ઇઝરાયેલના પ્રધાનમંત્રીને હમાસ સાથે સંઘર્ષ વિરામ સમજૂતિ કરવા માટેનો આગ્રહ કર્યો હતો, જેથી ગાઝાના બળવાખોરો દ્વારા બંધક બનાવાયેલા લોકો ઘરે પાછા ફરી શકે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ઉપ રાષ્ટ્રપતિ હેરિસે કહ્યું છે કે શ્રી નેતન્યાહૂ સાથે તેમણે સ્પષ્ટ અને રચનાત્મક વાટાઘાટો કરી, જેમાં તેમણે ઇઝરાયેલ અધિકારોની રક્ષાની પુષ્ટિ કરી. સાથે જ છેલ્લા નવ મહિનાથી ચાલી રહેલા યુદ્ધમાં ગાઝામાં મરનારા લોકોની સંખ્યા અંગે પણ ચિંતા વ્યક્ત કરી. આ પૂર્વે રાષ્ટ્રપતિ જોબાઇડને બેન્જામિન નેતન્યાહૂ સાથે મુલાકાત કરી હતી.

# SRI LANKA - STUDENT

હિન્દી ભાષાનો અભ્યાસ કરવા માટે શ્રીલંકાના 36 વિદ્યાર્થીઓની ભારત સરકારે પસંદગી કરી છે. આગ્રા ખાતે કેન્દ્રીય હિન્દી સંસ્થાનમાં ઓગસ્ટથી શરૂ થતાં  નવ મહિનાના હિન્દી ભાષાના અભ્યાસ ક્રમ માટે સરકાર શ્રીલંકન વિદ્યાર્થીઓને શેક્ષણિક ફીસ તેમજ રહેવા જમવા માટે શિષ્યવૃતિ આપશે. અભ્યાસ અર્થે ભારત આવી રહેલાં  શ્રીલંકન વિદ્યાર્થીઓ સાથે શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝા એ મુલાકાત કરી હતી.

વિદ્યાર્થીઓને  અભિનંદન આપતા  શ્રી ઝા એ જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે સદીઓ જુના સાંસ્કૃતિક, ધાર્મિક સાહિત્યિક તેમજ ભાષાકીય સંબંધોને મજબૂત કરવા હિન્દી ભાષા અને સાહિત્યનું વિશેષ ભૂમિકા રહેલું છે. નોંધનીય છે કે, છેલ્લા 13 વષોથી શ્રીલંકાના 170થી વધુ વિદ્યાર્થીઓને "વિદેશમાં હિન્દીનો પ્રચાર" નામની શિષ્યવૃતિ આપવામાં આવે છે. જે હેઠળ ચાલુ વર્ષે પણ શ્રીલંકામાંથી સૌથી વધુ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ છે.